સને ૨૦૧૪-૧૫ ના વર્ષના અંદાજપત્રમાં આયોજન હેઠળ સમાવિષ્ટ મુખ્ય મંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજનાની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ નં.બીયુડી/૧૦૨૦૧૪/૨૩૯ /ખ.૩,
સચિવાલય, ગાંધીનગર,
તા.૩૧-૭-૨૦૧૪

**પ્રસ્તાવના:-**

રાજયમાં ગ્રામ્ય કક્ષાએ પાણી પુરવઠાની વ્યવસ્થામાં જન ભાગીદારી – મહિલા સશક્તિકરણના અભિગમમાં મહિલાઓની ભાગીદારીથી યોજનાઓ ખુબ સારી રીતે ચાલી શકે છે તેમ પુરવાર થયેલ છે. ગ્રામ્ય કક્ષાએ પાણી વિતરણ વ્યવસ્થાપનમાં મહિલાઓની ભાગીદારીમાં વધારો થાય, મહિલાઓ વધારે સક્ષમતાથી નિર્ણય લઇ શકે તથા મહીલાઓ વધુ સક્રીયતાથી કામ કરી શકે તે હેતુથી વોટર એન્ડ સેનીટેશન ઓર્ગેનાઇઝેશન મેનેજમેન્ટ (વાસ્મો) દ્વારા જે પાણી સમિતિમાં મહીલાઓનું પ્રતિનિધિત્વ ૫૦ ટકા કરતા વધુ હોય તેવી પાણી સમિતિઓને પ્રોત્સાહન તથા પાણી સમિતિઓ માટે એક્ષ્પોઝર વિઝિટ, તાલુકા અને જીલ્લા સ્તરે કાર્યશાળા, રાજ્ય સ્તરે સક્રિય અને સક્ષમ મહિલાઓનું સન્માન કરવા જેવી વિવિધ પ્રવૃતિઓનો સમાવેશ કરેલ છે. આ માટે વર્ષ ૨૦૧૪-૧૫ની પાણી પુરવઠા વિભાગની વાર્ષિક વિકાસ યોજનામાં" **મુખ્ય મંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના**" અતર્ગત રૂ.૧૫૦ લાખની નવી બાબત અંદાજપત્ર પ્રકાશન નં ૧૮ - ભાગ-૧ ના અનુભાગ-૧ માં નવી બાબતો (આયોજન) હેઠળ જોગવાઇ થયેલ છે.જે બાબતને વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે પાણી વિતરણ વ્યવસ્થાપનમાં મહિલાઓની ભાગીદારીમાં વધારો થાય, મહિલાઓ વધારે સક્ષમતાથી નિર્ણય લઇ શકે તથા મહીલાઓ વધુ સક્રીયતાથી કામ કરી શકે તે હેતુથી પાણી સમિતિઓને પ્રોત્સાહન કરવા " **મુખ્ય મંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના**" ની નવી બાબત હેઠળ નીચેની કામગીરીને નીચેની શરતોને આધીન રહીને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| કામગીરી | | અંદાજીત કિંમત |
|---|---|---|
| • જે પાણી સમિતિમાં મહીલાઓનું પ્રતિનિધિત્વ ૫૦ ટકા કરતા વધુ હશે તેવી નવી ૧૦૦ જેટલી પાણી સમિતિઓને પ્રત્યેકને રૂ.૦.૫૦ લાખ લેખે | : | રૂ. ૫૦.૦૦ લાખ |
| • જે પાણી સમિતિમાં મહીલાઓનું પ્રતિનિધિત્વ ૫૦ ટકા કરતા વધુ હશે તેવી **જુની** ૧૦૦ જેટલી પાણી સમિતિઓને પ્રત્યેકને રૂ.૦.૨૫ લાખ લેખે | : | રૂ. ૨૫.૦૦ લાખ |
| • તાલુકા, જીલ્લા,રાજય સ્તરે કાર્યશાળા | : | રૂ. ૫૦.૦૦ લાખ |
| • એક્ષપોઝર વિઝિટ | : | રૂ. ૧૯.૫૦ લાખ |
| • રાજ્ય સ્તરે મહિલા સન્માન કાર્યક્રમ | : | રૂ. ૨.૫૦ લાખ |
| • પા.પુ. વિભાગના મહિલા સ્ટાફને એન.આઇ.આર.ડી –હૈદ્રાબાદ ખાતે ટ્રેનીંગ અને ક્ષમતાવર્ધન | : | રૂ. ૩.૦૦ લાખ |
| કુલ | : | રૂ. ૧૫૦.૦૦ લાખ |

**શરતોઃ-**

૧. આ દરખાસ્તને વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણાં વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાના રહેશે.

૫. આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૬. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

" મુખ્ય મંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના" ની નવી બાબત માટે વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્ર પ્રકાશન નં ૧૮ ભાગ- ૧ માં માંગણી નં. ૬૭. મુખ્ય સદર-૨૨૧૫-પાણી પુરવઠા અને સ્વચ્છતા. પેટા મુખ્ય સદર-૦૧. ગૌણ સદર- ૮૦૦-અન્ય ખર્ચ .પેટા સદર-૧૦ આયોજન હેઠળ

કરવામાં આવેલ રૂ.૧૫૦ લાખની જોગવાઇ હેઠળ ખર્ચ કરવા માટે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૪/૭/૧૪ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેના નામે.

(કુસુમ સંભવાણી)
ઉપ સચિવ (પા.પુ.)
ન.જ.પા.પુ અને ક.વિભાગ

નકલ રવાના:-

૧. માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન.મંત્રીશ્રી (પા.પુ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માન.રા.ક.મંત્રીશ્રી (પા.પુ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. અગ્ર સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. અગ્ર સચિવશ્રી (આ.બા.) ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. અગ્ર સચિવશ્રી (પા.પુ.) ના રહસ્ય સચિવશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. નાણાં સલાહકારશ્રી (જ.સં.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૧૧. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર એન્ડ સેનીટેશન ઓર્ગેનાઇઝેશન મેનેજમેન્ટ, ગાંધીનગર.
૧૨. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
૧૩. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
૧૪. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૧૫. સેકશન અધિકારીશ્રી (બજેટ), ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૬. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
(વેબ સાઇટ પર મુકવા સારૂ.)
૧૭. સીલેકટ ફાઇલ.